સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આ તડકા - છાંયડા અહીં જ છોડી જવાનું છે!
આ તાપ અને બફારા અહીં જ છોડી જવાનું છે,
સત્સંગ જેવી શીતળતાની શાંતિ ચાલશે સાથે -
મોહ-માયા અને મૈત્રી અહીં જ છોડી જવાનું છે...

હાઈકુ

વટાવે છે હદ -
ડીગ્રી ના સીમાડાની -
અગન-વર્ષા...

આગાહીઓને
પણ ભીંજવી જશે -
ઈશ્વર - કૃપા...

ચિંતન

મોઘમન્નં વિન્દતે અપ્રચેતાઃ સત્યં બ્રવીમિ વધ ઈત્સ તસ્ય ।
નાર્યમણં પુષ્યતિ નો સખાયં કેવલાઘો ભવતિ કેવલાદી ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

કુબુદ્ધિવાળા મનુષ્ય પાસે ધન ભેગું ન થવું જોઈએ. એનાથી તે પોતાના સાથીદારોનું હિત કરતો નથી. જે એકલો તેને ભોગવે છે તે ચોક્કસ ચોર જ છે અને પાપનો ભાગીદાર બને છે. ધનથી મનમાં લોભ, મોહ, મદ અને અહંકારની ભાવના પેદા થાય છે. ખૂબ જ બુદ્ધિશાળી લોકો પણ એની જાળમાં ફસાઈ જાય છે, તો પછી કુબુદ્ધિવાળા મનુષ્યોની તો વાત જ શી કરવી? તેઓ તો ધન પ્રાપ્ત કરીને પાગલ બની જાય છે અને ભોગવિલાસમાં ડૂબી જાય છે. પાપી અને કુબુદ્ધિવાળા માણસોની પાસે એકઠી થયેલી ભોગવિલાસની વસ્તુઓ તેમના મૃત્યુ સમાન છે. તે ધનનો સદુપયોગ કરવામાં હંમેશા અસફળ જ રહે છે. અને જો મનુષ્ય તેની સંપત્તિનો યજ્ઞ કાર્યોમાં, સંસારમાં હિતકાર્યોમાં પોતાના ધનનો ઉપયોગ કરે તો એ જ સંપત્તિ તેના માટે અમૃત સમાન પવિત્ર અને પુણ્યફળ આપનારી બની જાય છે. શરીર, મન અને આત્માને તૃપ્ત કરનાર સાચું ભોજન (ધન) અને ખૂબ જ ઝડપથી વિનાશ તરફ પહોંચાડી દેનાર પાપયુક્ત ભોજન (ધન)નો ભેદ પારખી શકવાની વિવેકબુદ્ધિ આપણામાં હોવી જોઈએ.

સુવિચાર

- વક્ત આપકા હૈ... ચાહો તો સોના બના લો... ચાહો તો સોને મેં ગુજાર દો... - **અમૃતબિંદુ**
- આંખમાં 'અહમ્' નો મોતિયો આવ્યા પછી... સત્ય હંમેશા ઝાંખુ દેખાય છે - **જનકલ્યામ**
- વિદ્યાર્થી બિંદુ અને શિક્ષક તેનો સાગર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અહીંસા એ સત્યની શોધનો આધાર છે - **ગાંધીજી**
- કલિયુગ નહીં : મતલબી યુગ ચાલે છે - **ભીખુદાન ગઢવી**
- બીજા લોકો કેવા છે એ સાબિત કરવામાં આપણે કેવા છે એ સાબિત થઈ જાય છે - **ફાધર વર્ગીસ**
- આજનું ઔષધ : સૂંઠ, સાજી ખાર અને હિંગનો પાઉડર ગરમ પાણીમાં લેવાથી દરેક જાતનો દુખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના એરિઝોના વિસ્તારમાં અચાનક હવામાન પલટાયું. એક વ્યક્તિની કારમાં ગેસ ખલાસ થઈ ગયો. નજીકના ગેસ સ્ટેશન પર તે ગેસ ભરાવા રોકાયો. વરસાદને કારણે તે ગાડીમાં બેસી રહ્યો અને કારમાંથી જ ગેસ ભરનાર વૃદ્ધને નિર્દેશ આપતો રહ્યો. જયારે ગેસ ભરાઈ રહ્યો ત્યારે ગેસ ભરનાર વૃદ્ધને તેણે કહ્યું, 'મને માફ કરજો મેં આટલા વરસાદમાં આપને તકલીફ આપી.' વૃદ્ધે કહ્યું, 'તમારે માફી માગવાની જરૂર નથી. મને ગેસ ભરવામાં કોઈ તકલીફ ડી નથી.' આ સાંભળીને કારણ માલિકે કહ્યું, 'આટલો વરસાદ અને તમે કહો છો કે કોઈ તકલીફ નથી પડી?' વૃદ્ધે કહ્યું, 'વાસ્તવમાં મેં દરેક સ્થિતિમાં ખુશ રહેવાનું શીખી લીધું છે.' ગાડીના માલિકે પૂછ્યું, 'આપ હંમેશા ખુશ કઈ રીતે રહો છો ?' વૃદ્ધે કહ્યું, 'વિયેતનામના યુદ્ધમાં મેં ભાગ લીધો હતો. એ દરમિયાન જયારે મેં મોતને મારી નિકટ આવી ગયેલું અનુભવ્યું હતું. ત્યારે મેં નક્કી કરી લીધું હતું કે જો હું જીવતો બચી ગયો તો મારા જીવનની દરેક ક્ષણને જિંદાદિલીથી જીવીશ અને હું એ ક્ષણાં બચી ગયો અને ત્યાર પછી મેં જિંદગીની દરેક ક્ષણને નેકી, ઈમાનદારી અને જિંદાદિલીથી જીવવાની શરુઆત કરી દીધી. મને જીવનનું મહત્ત્વ ખબર પડી ગયું છે.' વૃદ્ધની વાત સાંભળી ગાડીનો માલિક ભાવુક થઈ ગયો અને તે ગાડીમાંથી ઊતરી વૃદ્ધને ભેટી પડ્યો અને બોલ્યો, 'આજે આપે મને જીવનને સારી રીતે જીવવાની એક મોટી શીખ આપી છે, આપનો આભાર.' વૃદ્ધ સૈનિકને સલામ કરી ગાડીનો માલિક હંકારી ગયો.

અકસ્માતો અટકાવવા સહિયારો પ્રયાસ અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

ગુજરાતના છેલ્લા કેટલાંય વખતથી માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા વધતી જાય છે. બસ અને ટ્રક ટકરાઈ... જીપે પલટી ખાધી... મોટર બાઈક સાથે ભારે વાહન ટકરાયું.... એવા જાત જાતના અને ભાતભાતના સમાચારો દરરોજ અખબારના પાનાં પર છલકાય છે. એક સર્વે મુજબ કેન્સર કે હૃદયરોગથી મૃત્યુ પામનારાઓની સંખ્યા કરતાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારની સંખ્યા વધતી જાય છે. આ બાબત ચિંતાજનક છે. માનવ જીવન અસલામત બનતું જાય છે. કેમ અકસ્માતના બનાવો વધતા જાય છે. એના સંદર્ભે વ્યક્તિગતથી લઈ સરકાર કક્ષાએ ચિંતન થવું જ જોઈએ. ખાસ ખરીને ગરમીની મોસમમાં અકસ્માતનું પ્રમાણ બમણું થઈ જાય છે... આ સંદર્ભે પણ ઘનિષ્ઠ ચર્ચા અને ચિંતા આવશ્યક છે.

માર્ગો ખુબ સરસ નિર્માણ થયા છે. દેશના અન્ય રાજયોના પ્રમાણમાં ગુજરાતના માર્ગો ચડિયાતા છે. ટ્રાફિક નિયંત્રણની વ્યવસ્થા પણ પ્રમાણમાં સુધરતી જાય છે, પરંતુ આખરે બધું જ સરકાર પર નાખવાની આદત કયાં સુધી પ્રવર્તશે તે પણ એક પ્રશ્નાર્થ છે...! જાહેર વાહન વ્યવહારના ડ્રાઈવરોની કુટેવો અને બેદરકારીના કારણે મોટી જાનહાનિ થાય ચે. તેના પર રોક લગાવવાની આવશ્યકતા ખુબ જ જરૂરી છે. એસ.ટી.ની બસો કે સ્કૂલ બસોમાં જે કાળજી નથી લેવાતી તેના પગલે અકસ્માતો સર્જાય છે. વાહન વ્યવહાર વિભાગ અને વાહન વ્યવહાર નિગમ માર્ગ અકસ્માત નિયંત્રણ માટે પ્રાથમિકતા આપે એ અતિ જરૂરી છે. વાહનોની ચકાસણી, ડ્રાઈવરોને વ્યસનમુક્તિ, ડ્રાઈવીંગના નિયમોનું કડન પાલન તથા નિયમિત તાલીમ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સાથોસાથ વ્યક્તિગત જીવનમાં પણ વાહન હંકારતી વખતે ખુબ જ કાળજી લેવાવી જોઈએ. બેફામગતિ, નિયમોની અવગણના અને વાહનની ચકાસણીમાં અનિમિતતા અકસ્માત નોતરવામાં મોટો ભાગ ભજવે છે. આજકાલ વધતા વાહનો પણ અકસ્માતના આંકડા વધારવામાં કારણભૂત રહ્યા છે. જાહેર કે ખાનગી વાહન હંકારતા વાહન ચાલકો પૂરતી સતર્કતા દાખવે તો અકસ્માત નાથવામાં સરળતા બની જાય.

સરકાર કક્ષાએ અને સામાજિક સંસ્થાઓ દ્વારા માર્ગ સલામતીની ઉજવણી નિયમિત થાય છે એ સારી પણ વણ છે, પરંતુ માત્ર ફોટા પડાવવા કે પ્રેસનોટ આપવા પૂરતી જ ઉજવણી ના થાય... પ્રામાણિક ઉજવણી થાય એ જોવાની જવાબદારી પ્રત્યેક નાગરિકની છે. નિયમ પાલનની નિષ્ઠા પ્રત્યેક વ્યક્તિ દાખવે તો માર્ગ અકસ્માતની ઘટનાઓ નિયંત્રિત કરી શકાય. જીવન કેટલું કિંમતી છે તે સમજણ હોવા છતાં પાંચ-પંદર મિનિટની ઝડપ કરવામાં કે વ્યસન કરીને ડ્રાઈવિંગ કરવામાં સર્જાતા મોટાભાગના અકસ્માતો નાથી શકાય એમ છે. સમાજે એક ઝુંબેશ ચલાવવાની અનિવાર્યતા છે અને તે છે વાહન હંકારવાના સંસ્કાર. સરકારી નીતિનિયમોને જયારે વ્યક્તિગત સંસ્કારમાં પરિવર્તિત કરી શકાશે ત્યારે જ પરિણામ સુધી પહોંચી શકાશે. ગતિ નિયમન માટે વાહન વ્યવહાર વિભાગ પણ વધુ સાઈન બોર્ડ મુકીને પોતાની કામગીરીને અસરકારક બનાવી શકે તેમ છે. સાથોસાથ હવે તો સીસીટીવી નેટવર્ક પણ રાજયમાં પથરાયું છે તો પશ્ચિમના દેશોની જેમ બેફામ ગતિએ વાહન હંકારતા વાહન ચાલકને ટ્રેપ કરીને ઓન-લાઈન દંડ ફટકારવાથી પણ થોડોક ફરક આવી શકે તેમ છે અને ત્રણ વખત ઓનલાઈન દંડ થાય ત્યારે તેનું ડ્રાઈવિંગ લાઈસન્સ પણ આપોઆપ રદ થઈ જાય તે નિયમ પણ અમલી બનાવવો જોઈએ. આમ શાસન અને સમાજ સાથે મળીને અકસ્માત નિયંત્રણ અભિયાન કરવાનો સમય આવી પહોંચ્યો છે.

ઘટેલી યાદશક્તિ

હળવું હૈયું કરીએ
અનંત પટેલ

ગમે તે કારણ બન્યું હોય પણ મોહનલાલ નિવૃ,ત્ત થયા પછી તેમની યાદ શક્તિ પર ઘણી અસર થઈ હોય એમ લાગતું હતું. જો કે એનો અણસાર તો એમને નિવૃત્તિના છ આઠ મહિના પહેલાં જ આવી ગયેલો. એમને એમનું કામ યાદ ન રહે એ તો એ ચલાવી લે છે પણ કોઈક મઆણસ સામે મળે ને મલકીને એમને 'કેમ સાહેબ' એમ કહે ત્યારે ય એ એને ઝટ ઓળખી ન શકે અને એમની સામે ઘડીભર પ્રશ્નાર્થ નજરે જોઈ જ રહે એટલે પાછી પેલી વ્યક્તિ બોલે,

'કેમ મને ના ઓળખ્યો ને ?'

ત્યાર પછી ય એમને કંઈ યાદ ન આવે એટલે એમણે છ સાત સરકારી ખાતાઓમાં નોકરી કરેલી હતી એના આધારે એ તરત પૂછી નાખે,

'ઓહો હો, તમે તો ફોરેસ્ટમાં કેમ ?'

એટલે પેલા ભાઈ તરત બોલે,

'શું સાહેબ તમે ય, અમે તો શિક્ષણવાળા... કેમ તે દિવસે આપણે મીટીંગમાં મળેલાં ને...'

એ વખતે તો મોહનલાલ 'અરે હા હા' કહીને વાત બીજે પાટે ચડાવી દે પણ પછી એમને મનમાં એક વસવસો થયા કરે કે આવું કેમ થતું હશે ? ખરેખર તો આવું ના થવું જોઈએ. ના ના આમ થવાથી સામેના માણસને કેવું લાગતું હશે ? આનો કંઈ ક ઉપાય કરવો જ જોઈએ એમ વિચારીને મોહનલાલે તે પછી કોઈ પણ માણસ તેમને બોલાવે કે દૂરથી તેમની સામે જોઈને હાથ હલાવે તો એ ઓળખે કે ન ઓળખે, પણ સામે હાથ હલાવી દેતા. આમાં પહેલાં તો એમને રાહત જેવું લાગ્યું પણ પાછળથી એવું બનવા લાગ્યું કોઈ વ્યક્તિ તેમની સામે હાથ ન હલાવતી હોય કે તેમની સામે જોઈને એ ન હસતી હોય પણ મોહનલાલની આજુબાજુમાં ઊભેલા કોઈ ભાઈ કે બહેનને જોઈને એ એમ કરતા હોય તો પણ એ એની સામે હસી લેતા અને નજીક હોય તો જઈને હાથ મિલાવતા. આ સંજોગોમાં પેલી વ્યક્તિ એમને પૂછતી,

'સાહેબ ઓળખાણ ના પાડી...!! મેં તમને તો નથી બોલાવ્યા... હોં...'

હવે ભોંઠા પડવાનો વારો મોહનલાલનો આવતો. એ વખતે તો એ ગમે તેમ ગાડુ ગબડાવી દેતા. પણ મોહનલાલની ઘટેલી યાદશક્તિ આમ ઘણી વાર મૂંઝવણ પેદા કરી દેતી હતી. કોઈ વ્યક્તિને ઓળખવાની બાબતમાં તો એમ માની લઈએ કે એમને નોકરી દરમિયાન સંખ્યાબંધ લોકો મળ્યા હોય તેથી સ્વાભાવિક છે કે બધાના ચહેરા એમને યાદ ન રહે પણ ધીરે ધીરે ઘરમાં ય ઘણી બધી બાબતો ભૂલી જતા હતા જેવી કે -

પોતે જે રૂમમાં બેઠા હોય ત્યાંથી ઊભા થઈને બહાર આવે ત્યારે એ રૂમનો પંખો લાઈટ બંધ કરવાનું ભૂલી જવું.

- પેપરવાળો એનું બિલ લઈ જાય તો એ પત્નીને કહેવાનું ભૂલી જવું...

- પત્ની બહાર ગયેલાં હોય એ દરમિયાન એમના કોઈ સગા કે બહેનપણીનો લેન્ડલાઈન પર ફોન આવ્યો હોય તો એ કહેવાનું ભૂલી જવું...

- કોઈ સગાવહાલાંનાં છોકરાંનાં નામ ભૂલી જવા વગેરે વગેરે...

આવું થવાના લીધે મોહનલાલ ટેન્શનમાં રહેવા લાગ્યા. વળી આવા ટેન્શનને લીધે એ બીજું ય ઘણું બધું ભૂલી જવા લાગ્યા. આવું થવાને કારણે મોહનલાલ પછી તો એકલા બેઠા હોય ત્યારે એ કોઈ જાણીતા ખેલાડી, હીરો, હીરોઈન કે એમને જેમના હાથ નીચે નોકરી કરેલી હોય તેવા કોઈ બોસનો ચહેરો કે નામ અચાનક જ યાદ આવી જતું ત્યારે એ ખુશ ખુશાલ થઈ જતા. આમ ખરેખર તો એમની યાદશક્તિ જતી રહી ન હતી પણ એમાં કયારેક ટેમ્પરરી લોસ જેવું લાગતું હતું. આના ઉપાય તરીકે એમને મગજને દરેક ઘટના - સમાચાર યાદ રાખવા માટે સજ્જ કરવાનું નક્કી કર્યું ને એમાં એમને ધારી સફળતા પણ મળી ખરી... આમાં એમને વધારે સફળતા તો ત્યારે મળી કે એક વ્યક્તિ કે જેને તે ઓળખતા હતા તે રસ્તામાં સામા મળ્યા તો મોહનલાલ તેમની સામે જોઈને મલકાયા, 'કેમ છો ?' એવું પૂછ્યું ય ખરું તો ય પેલા સજ્જન જાણે ઓળખતા જ ના હોય એમ પાસે આવીને બોલ્યા,

'કંઈ ઓળખાણ પડી નહીં હોં સાહેબ... આપણે કયાં ભેગા થયેલાં...?' આવો સવાલ સાંભળીને મોહનલાલને થયું યાદદાસ્ત તેમણે એકલાએ જ ગુમાવી નથી. પોતાની જેવા બીજા પણ છે એમ જાણીએ ત્યારે મનને કંઈક શાંતિ પણ મળી શકે છે.

તેમ છતાં નિવૃત્તિ પછી જીવનમાં માણસ ઘણા બધા ફેરફારો કરવા પડતા હોય છે તે પૈકી બનેલી ઘટનાઓ કે મળેલી વ્યક્તિઓના ચહેરા-નામ વગેરે તો પ્રયત્નપૂર્વક યાદ રાખવું જ પડે છે તે પણ ખૂબ મહત્ત્વનું તો છે જ...

દીકરીનું દામ્પત્યજીવન અને પિયર પક્ષની ભૂમિકા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા પુરાણો, વેદો, ઉપનિષદોથી લઈને મારા આ લેખ સુધીમાં દામ્પત્યજીવન વિશે ખૂબ જ લખાયું છે. સંશોધનો થયા છે, અનેક ગ્રંથો લખાયા, છપાયા, વેચાયા, વંચાયા છે. દામ્પત્યજીવન સરળ અને સફળ બને એ માટેનું તમામ પ્રકારનું જ્ઞાન આજે માર્કેટમાં ઉપલબ્ધ છે. આમ છતાંય આજે અસંખ્ય દામ્પત્યજીવન તૂટે છે. એના જૂના જે કારણો છે એ તો છે જ. પણ થોડા નવા યે ઉમેરાયા છે, જેનું સહેજેય ધ્યાન આપણે રાખતા નથી. અને આપણું જીવન તૂટે છે. આ વિષય આમ જોઈએ તો ખૂબ જ સંવેદનશીલ અને વિચારણીય છે. પરંતુ આપણે સૌથી ઓછું ધ્યાન આ વિષય ઉપર આપીએ છીએ.

આજે સમાજમાં મોટેભાગે પરિવારની મંજુરીથી પ્રેમલગ્નો થાય છે. અને થવા પણ જોઈએ. કેમ કે છોકરો છોકરી એકબીજાને ઓળખીને પરણે તો એ વધુ સારું છે. પરંતુ આ બન્નેની સમજદારી ઉપર પણ આધાર રાખે છે. આવા લગ્નો પછીની સ્થિતિ, માનસિકતા મોટેભાગે તરત બદલાઈ જતી હોય છે. બન્ને પાત્રોમાં માલિકીપણાનો ભાવ પ્રવેશી જતો હોય છે. અને અહીંથી રોપાય છે સંઘર્ષના બીજ. જો કે એક અભ્યાસ મુજબ મોટેભાગે દામ્પત્યજીવન તૂટવામાં પિયરપક્ષની ભૂમિકા સૌથી મોટી હોય છે. કેમ કે આપણી ભારતીય સંસ્કૃતિ અને સામાજિક વ્યવસ્થા મુજબ લગ્ન કર્યા પછી સ્ત્રીઓએ સાસરે જવું પડે છે. આ પ્રથા કે પરંપરાના ઊંડાણમાં કદાચ સ્ત્રી શક્તિ જ રહેલી છે. કેમ કે સ્ત્રી પ્રેમ, ત્યાગ, સેવા, સમર્પણ અને સહનશક્તિની મૂર્તિ ગણાય છે. પારકાને પોતાના કરવાની આવડત – કળા ઈશ્વરે સ્ત્રીને આપી છે પુરુષને નહીં. પુરુષ તો સગા ભાઈ કે બાપ સાથે ઝગડીને પણ પોતાનું ધાર્યું કરી લે છે. તેથી આપણા પૌરાણિક કાળના વડદાદાઓએ લગ્નની આ પ્રથા '' સ્ત્રી પરણીને સાસરે જાય '' રાખી હોવી જોઈએ. જેમાં સ્ત્રીની ગુલામી નહીં પણ બે પરિવારનું ગૌરવ સમાયેલું છે. સ્ત્રીએ શરુઆતના ૨૦/૨૫ વર્ષ પોતાના માતા પિતા, ભાઈ બહેન સાથે વિતાવ્યા હોય છે. એ લગ્ન થતા આ બધુ અચાનક ભૂલવું ખૂબ જ કઠિન હોય છે. પરંતુ ઘણા સત્ય ખૂબ જ કડવા હોય છે જેને સ્વીકારવા જ પડે છે. કેમ કે લગ્ન પછીના તમામ વર્ષો સ્ત્રીએ પતિ સાથે, પતિના ઘરનાની સાથે વિતાવવાના હોય છે. તો લગ્ન પછી સ્ત્રીની આખી ભૂમિકા બદલાઈ જાય એ સ્વાભાવિક છે. પતિના ઘરને, સગાવહાલાઓને પોતાના સમજીને એમનું ધ્યાન રાખવાનું હોય છે. આ બાબતે દીકરીના માતા પિતાએ ખાસ સમજવું જોઈએ કે લગ્ન પછી દીકરીને એના પતિ સાથે, એના ઘરના સાથે સેટ થવા દેવી જોઈએ. એને વારંવાર ફોન કરવા કે મળવું કે નાના પ્રસંગોએ, ઘટનાઓએ એને પિયર બોલાવવી આવું બધુ કરવાથી પતિના ને સાસરિયાઓના મનમાં નકારાત્મકતા ઊભી થતી હોય છે. કેમ કે લગ્ન પછી પત્નીનું સૌથી પહેલું કર્તવ્ય પતિ પ્રત્યે છે. એના ઘર પ્રત્યે છે. લગ્ન પછી વારે વારે દીકરીના ઘેર જવું, એનું વધારે પડતું ધ્યાન રાખવું, એની ત્યાંની પણ બધી જ સગવડ સાચવવી, એને છાનીમાની આર્થિક મદદ કરવી, આ બધી બાબતો લાગણીની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. પરંતુ એના પરિણામ ઘાતક આવે છે. દીકરી પોતાના પિયરના મોહમાંથી છૂટી શકતી નથી. અને પતિ સાથે સહેજ પણ બોલાચાલી થતા ''પિયરનો હૂંકાર'' ભણે છે. આવો ''હૂકાર'' દુનિયાનો કોઈ પતિ કે સાસરિયા સહન કરી શકતા નથી. અને પછી સંઘર્ષ વધતો જાય છે. આવી ઘણી નાની નાની બાબતો છે. કે જે દીકરીના માતા પિતાએ સમજવાની જરૂર છે. લગ્ન પછી દીકરીની આર્થિક સ્થિતિ કદાચ થોડી નબળી છે. તો એમાં દીકરીને રહેવા દો, એ ઘડાશે, જીવનમાં થોડા અભાવો, અવ્યવસ્થા, આર્થિક સંકડામણ, થોડું દુઃખ આવવું જરૂરી હોય છે. એનાથી વ્યક્તિનું ઘડતર થાય છે. વ્યક્તિ મજબૂત બને છે. એ પરિસ્થિતિ સામે લડતા શીખે છે. જમાઈ ઓછું કમાતો હશે તો પરિવારની જવાબદારી આવતા ખોટા ખર્ચા બંધ કરશે, કરકસર કરતા, આર્થિક આયોજન કરતા શીખશે. જેનાથી દીકરીને પણ પોતાના પતિ ઉપર ગૌરવ થશે. ઘણી વખત સાસરે ગયા પછી દીકરી નાની નાની વાતમાં પોતાના મમ્મી પપ્પાને પતિની અને સાસરિયાની ફરિયાદો કરતી હોય છે. જેને સાંભળીને પિયર પક્ષના લોકો દીકરીના સાસરે જઈને એના પતિને કે સાસુ સસરાને સમજાવે છે. કે ક્યારેક હળવો ઝગડો પણ કરી લે છે. પરંતુ જે ઘરમાં વર્ષોથી એક પ્રથા, પરંપરા કે સિસ્ટમ ગોઠવાયેલી હોય એને પરણીને આવેલી દીકરી તરત જ બદલવા ઈચ્છે તો એ કેવી રીતે બદલાઈ શકે ? એ પ્રથા, સિસ્ટમમાં પરણીને આવેલી દીકરીએ જ સેટ થવું પડે છે. થોડી તકલીફ પડે તો સહન કરી લેવાની. કેમ કે ઘરના બધા એક સાથે બદલાય એ અશક્ય છે એના કરતાં નવી વ્યક્તિ (પત્ની) એ સિસ્ટમમાં ગોઠવાઈ જવું એ જ સૌના હિતમાં હોય છે.

મેં જોયું છે કે લગ્ન પછી જે જે દીકરીએ પોતાના પતિ કે સાસરિયા પક્ષની વારે વારે ફરિયાદો પોતાના પિયરમાં કરી છે અને દીકરીના માતા પિતા સત્ય જાણ્યા વિના દીકરીના વાત સાચી માનીને તેના સાસરિયાઓને સીધા કરવા, ઝગડો કરવા દોડી જાય છે ત્યાં દામ્પત્યજીવન પતિની સહનશક્તિની હદ સુધી જ ટકતું હોય છે. આવી સ્થિતિમાં ખરેખર માતા પિતાએ દીકરીને સમજાવવી જોઈએ કે '' જો બેટા, એ હવે તારું ઘર છે, એ જ તારા માતા પિતા છે, બધાના સ્વભાવ એકસરખા ના હોય, તારે એમનું પહેલા ધ્યાન રાખવું જોઈએ, તું એમને ખુશ રાખીશ તો તારો પતિ પણ ખુશ રહેશે ને તને વધુ સાચવશે. બેટા, હવે એ ઘર તારે જ સંભાળવાનું છે. તેથી તારે જ તારો સ્વભાવ બદલવો પડશે. તું બદલાઈશ તો બધુ સારું જ થઈ જશે. આવી નાની નાની વાતોમાં ફરિયાદો નહીં કરવાની બેટા. '' આવી શિખામણ આપનાર માતા પિતાની દીકરીના દામ્પત્યજીવનમાં ક્યારેય પ્રશ્નો આવતા નથી. આપણે ત્યાં ''સાસુ–વહુ'' નો સંઘર્ષ વર્ષોથી વગોવાયેલો છે. એનું કારણ એ છે કે પરણીને જનાર પત્ની પતિની માતાને સાસુ સમજીને વર્તન કરે છે. મા નથી સમજતી. પરિણામે પતિની મા એને દીકરાની વહુ સમજીને એની સાથે વર્તન કરે છે દીકરી સમજીને નહીં. અને સંઘર્ષ વધતો જાય છે. પણ જે દીકરી પોતાના માતા પિતાનું ધ્યાન રાખતી હતી તેવી જ રીતે પતિના માતા પિતાનું ધ્યાન રાખે, બધા સાથે પ્રેમથી, સદભાવથી વર્તે તો સામે પક્ષે પણ માણસો જ છે. આજકાલ સૌ પ્રેમ, સન્માન ઝંખે છે તો તેઓ પણ પ્રેમ – સન્માન જ આપશે. અને દામ્પત્યજીવનમાં કોઈ પ્રશ્ન ઊભો થવાનો સંભવ જ રહેતો નથી.

આ ૨૧મી સદી છે. હવેના દામ્પત્યજીવન ટકવા ખૂબ અઘરાં છે. આજે સોશિયલ મીડિયાનો એક ખતરનાક વાઈરસ દરેક દામ્પત્યજીવનમાં વ્યાપી ગયો છે. આવા સમયે દીકરીના માતા પિતાની જવાબદારી વધી જાય છે કેમ કે દામ્પત્યજીવન સત્તા, સંપતિ કે સૌન્દર્યથી નથી ટકતું પણ ''સ્વભાવ''થી ટકે છે. માતા પિતાને ઘેર દીકરીને જે સ્વતંત્રતા મળી હોય એ સ્વતંત્રતા સાહજિક છે કે સાસરે ના મળે, પોતાને ઘેર જે લાડ કર્યા હોય, મમ્મી પપ્પાને હેરાન કર્યા હોય, ઘરમાં બધાની સાથે નાની નાની વાતોમાં ખોટું લગાડી ઝગડાઓ કર્યા હોય એ બધું સાસરે ગયા પછી ના થઈ શકે, પોતાને ઘેર મન ફાવે ત્યારે સૂઈ જવું, ઊઠવું કે જમવું કે મિત્રો સાથે હરવા ફરવા જવું કે ટી.વી. જોવું કે પાર્ટી કરવી આ બધુ સાસરે ગયા પછી નથી થતું. અને જે દીકરી આવું બધુ સાસરે ગયા પછી પણ ચાલું રાખે છે એનું દામ્પત્યજીવન તૂટવાની સંભાવના ખૂબ વધી જાય છે. તેથી લગ્ન પછી દીકરી એ બદલાવું પડે છે. ભલે દીકરીનું બદલાવું કઠિન હોય છે. તે લગ્ન પછી એ જ રીતે વર્તે છે જે રીતે પોતાને ઘેર રહેતી હતી. અને એ ટેવ, સ્વભાવ કે પ્રવૃતિ કોઈપણ સાસરિયાવાળાને નથે ગમવાની. તેથી સંઘર્ષ થવાનો જ છે. આ બાબતે માતા પિતાએ દીકરીને ખૂબ જ સમજાવવું પડે છે. એ પ્રકારે એનો ઉછેર કરવો પડે છે, સંસ્કાર આપવા પડે છે. આજનું ઉચ્ચ શિક્ષણ માત્ર ડિગ્રી આપે છે સંસ્કાર નહીં, સમજણ નહીં.

દીકરી જ્યારે દીકરી મટીને કોઈની પત્ની બને છે. ત્યારે એની જિંદગીનો બીજો તબક્કો શરું થાય છે. કેમ કે તેનું આખું વ્યક્તિત્વ બદલવું પડે છે. અને જો આમાં દીકરી ઓછી ઉતરે તો એના માતા પિતાએ એને આ સમજણ આપવી પડે છે. બન્ને ઘરની સિસ્ટમ વિશે સમજાવવું પડે છે. જે અધિકારથી દીકરી માતા પિતા, ભાઈ બહેનો સાથે ઝગડી શકે એ અધિકારથી એ સાસુ સસરા કે દેર, જેઠ કે નણંદ સાથે ઝગડી શકતી નથી. ત્યાં ઘણી સામાજિક, પારિવારિક મર્યાદાઓ રાખવી પડતી હોય છે. હા, સૌ ના દિલ જીતી લીધા હોય અને પોતાના ઘરની જેમ જ સાસરે પણ સૌની સાથે લાગણીનો સંબંધ સ્થાપિત કરી દીધો હોય તો લડવા કે ઝગડવાની જરૂર જ નથી પડતી. પણ આ બધુ સ્વભાવથી શક્ય બને છે. રૂપ, સત્તા કે સંપતિથી નહીં.

દીકરીના દામ્પત્યજીવનની સફળતા – નિષ્ફળતામાં સૌથી મોટી ભૂમિકા ''પિયર પક્ષ''ની હોય છે. કેમ કે આરંભના ૨૦/૨૫ વર્ષના સંસ્કાર, શિક્ષણ, સમજણ, સંવેદના દીકરીને ત્યાંથી જ મળે છે. જેનો સાચો ઉપયોગ દીકરીને પોતાના લગ્ન પછીના જીવનમાં કરવાનો હોય છે. માત્ર દીકરીને જન્મ આપી, ઉછેરી, સારું શિક્ષણ અપાવી, તેની બધી જ ઈચ્છાઓ પુરી કરી, તમામ સગવડ સાચવી લગ્ન કરાવી દેવાથી માતા પિતાની ભૂમિકા પુરી નથી થઈ જતી. કેમ કે જન્મ પછી ઉછેર તો પશુ પક્ષીઓનો પણ થાય છે. પરંતુ જન્મ પછી દીકરીને બહારના શિક્ષણની સાથે સાથે આંતરિક સમજણ, શિક્ષણ અને સંસ્કાર આપવા જરૂરી હોય છે. અને એમાં માતાની ભૂમિકા ખૂબ મોટી હોય છે.

આજે યુગ ભલે હાઈટેક થયો હોય, પણ આપણા મૂળ સંસ્કાર, સામાજિક વ્યવસ્થા જ્યા સુધી છે ત્યાં સુધી દીકરીના દરેક માતા પિતાઓએ આ બધી બાબતો ધ્યાને ધરવી જ પડશે. કેમ કે આપણે ભારતમાં રહીએ છીએ. ગુજરાતમાં રહીએ છીએ. અસ્તુ.. વસુદૈવ કુટુમ્બકમ્

9426060601.india@gmail.com

આંતરિક અને બાહ્ય જગતનું બુદ્ધિ અને મનનું રસ પાન

જીવન દર્શન
ચિરાગ એસ જાની

આપણી બાહ્ય અને આંતરિક જગત આપણામાં એક વિશ્વ છે. બુદ્ધિ એટલે વસ્તુને જાણવાની ચિંતની આકલન કે સમજ શકિત. મન એટલે સકલ્પ-વિકલ્પ કરવાની ઈન્દી?ય. મનને સમજવાની સંરચના,કાર્યપદ્ધતિ,રચના અટ્ટપટ્ટી હોવાથી મોટા ભાગના લોકો તેને સમજવા અસર્થ છે. મગજને સમજવાની પણ અટ્ટપટ્ટી રચના હોવાથી જેથી મનુષ્ય દેહને અંતર સમજણ નથી જયારે મનોવૈજ્ઞાનીકો બન્નેનું અંતરનો સ્વીકાર કરેલ છે. લોકોની માન્યતા મુજબ મન એ બુદ્ધી નો ભાગ, નાનું મગજ છે. પરતું મનએ આંતરિક જગતનું કોઈ ચોક્કસ તરંગોનું અટ્ટપટ્ટી રચનાનનો આવિષકાર ને કાઈ જટિલ સ્વરચના નથી. બનેની યોગ્ય વિના સમુદ્ધ અને સુખી થવું અશક્ય છે. બુદ્ધીની સારા પાસા રૂપે નકામાં કામને ઓળખાયની ઓલખ અને પૃથ્થકરણ,જરૂરિયાત અને જરૂર જેટલી કલ્પના શકિતને યાદ રાખવા જેટલું પુરતી છે. નરસા ભાવ જે સ્વાર્થીપણું તથા મનના ભાવો કચરવાની ભાવના ખોટી છે. મન અને બુદ્ધિના કાર્યપદ્ધતિ અલગ – અલગ સ્વીકૃતિ જે ૨૧મી સદીમાં મન અને બુદ્ધીનું ૨૧ રસ પાન આલેખન છે.

રસ-પાન ૧. આંતરિક અને બાહ્ય જગતની રચના : બુદ્ધીએ બાહ્ય જગત અને મન આંતરિક જગતની રચના છે.

રસ-પાન ૨ રહસ્યોનીગાથા : મન પાસે રહસ્યોની માહિતી હોવાથી બુદ્ધી કરતા વધુ નીડર અને સાહશી છે , મન ગણત્રીમાં બ્રમાંણથી આગળ હોવાથી આંતરિક શકિત માટે માંહેર છે. બુદ્ધીની વિચાર ધારા માંહેર હોવાથી તથા બીજા ઉપર નજર હોવાથી તેને અનુસરવાની સંખ્યા હોતી નથી.

રસ-પાન ૩ રચનાત્મક કાર્યઃ મન હમેશાં નવી વસ્તુ બનાવામાં મહેર હોય સરળ ભાષામાં કોઈ પણ ભૌતિક વસ્તુનું સ્વરૂપ બે વખત બને છે જેમાં વિશ્વના વૈક્ષાનિકો આલ્બર્ટ આઈન્સટાઈન, એલેકઝાન્ડર ગ્રેહામ બેલ, થ